**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૩૮.૦ ડીગ્રી
લઘુતમ : ૨૦.૨ ડીગ્રી
ભેજ
સવારે ૫૮ ટકા ● સાંજે ૩૧ ટકા

# શહેરમાં શહિદ દિને રકતદાન સાથે શહિદોને સલામી

## શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ ઉપસ્થિત રહી શહીદોને પુષ્પાંજલિ અર્પણ કરી : બી.કે. કૈલાશદીદીએ આશીર્વચન પાઠવ્યા





### સે-૭માં ભારતમાતાના મંદિરે રકતદાન કેમ્પ યોજાયો

સેકટર-૭માં ભારતમાતાના મંદિરે ડૉ. હેડગેવાર સ્મારક સેવા સમિતિ દ્વારા યોજવામાં આવેલા સામુહિક રકતદાન શિબિરમાં ૩૩ રકતદાતાઓએ રકતદાન કર્યું હતું. આ રકતદાન શિબિરનો પ્રારંભ આયોજકો દ્વારા શહીદોને શ્રધ્ધાંજલિ આપીને કરવામાં આવ્યો હતો. આ કેમ્પમાં રકત એકત્ર કરવાની સેવા ગાંધીનગર સિવિલ હોસ્પિટલની બ્લડ બેંકની ટીમ દ્વારા પુરી પાડવામાં આવી હતી.



ગાંધીનગર, તા.૨૩
ગાંધીનગરમાં આજે રાષ્ટ્રીય શહાદત દિવસે દેશના સ્વાતંત્ર્ય સંગ્રામના મહાનાયકો શહીદ ભગતસિંહ, સુખદેવ, રાજગુરૂ અને અશફાક ઉલ્લાખાનની યાદમાં રકતદાન કેમ્પ યોજાયા હતા. નેશનલ ઈન્ટીગ્રેટેડ ફોરમ ઓફ આર્ટીસ્ટ એન્ડ એકિટવિસ્ટ તથા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલયના સંયુકત ઉપક્રમે સેકરટ-૨૮માં બ્રહ્માકુમારીઝ કેન્દ્ર ખાતે તથા ડૉ. શ્રી હેડગેવાર સ્મારક સેવા સમિતિ દ્વારા સેકટર-૭માં ભારતમાતાના મંદિરે રકતદાન શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. જે અંતર્ગત આશરે ૬૫થી વધુ રકતદાતાઓએ રકતદાન કર્યુ હતું.

સેકટર-૨૮માં બ્રહ્માકુમારીઝ કેન્દ્ર ખાતે 'સંવેદના' શિર્ષક હેઠળ રાષ્ટ્રવાદી રકતદાન શિબિર યોજાઈ હતી. જેના પ્રારંભે રાજયના શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ ઉપસ્થિત રહી શહીદોને પુષ્પાંજલિ અર્પણ કરી હતી તેમજ બ્રહ્માકુમારીઝ આધ્યાત્મિક કેન્દ્ર સાથેની ભૂતકાળની યાદોને પણ વાગોળી હતી. આ પ્રસંગે ગાંધીનગરના મેયર રીટાબેન પટેલ, પૂર્વ મેયર મહેન્દ્રસિંહ રાણા, રાષ્ટ્રીય યુવા અગ્રણી અમિતભાઈ ઠાકર, નેશનલ ઈન્ટીગ્રેટેડ ફોરમ ઓફ આર્ટીસ્ટ એન્ડ એકિટવિસ્ટના ગુજરાત પ્રમુખ સંજીવ મહેતા, સામાજિક અગ્રણી જીલુભા ધાંધલ, ગાંધીનગર નાગરિક બેંકના ઘનશ્યામભાઈ પટેલ, મ્યુ. કાઉન્સિલર્સ હર્ષાબા ધાંધલ તથા જાલાબેન શુકલ તેમજ શ્રધ્ધાદીપ ચેરીટેબલ ટ્રસ્ટના ટ્રસ્ટી મહેન્દ્રભાઈ ગજ્જર સહિત અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. બ્રહ્માકુમારીઝ કેન્દ્ર ખાતે યોજાયેલા રકતદાન કેમ્પમાં ૩૪ યુનિટસ રકત એકત્ર થવા પામ્યું હતું.

આ પ્રસંગે અગ્રણીઓ તથા સે-૨૮ બ્રહ્માકુમારીઝ કેન્દ્રના સંચાલિકા બી.કે. કૈલાશદીદી દ્વારા સ્વ. હૃદયમોહિની દાદીને શ્રધ્ધાંજલિ અર્પણ કરાઈ હતી. આ કેમ્પના આયોજનમાં ઈન્ડિયન રેડક્રોસ સોસાયટીની જિલ્લા શાખા, નેશનલ ઈન્ટીગ્રેટેડ મેડીકલ એસોસિએશન, યુવા દિશા કેન્દ્ર, રોટરી કલબ ઓફ કેપિટલ, સૌરાષ્ટ્ર કચ્છ સેવા સમાજ, સંસ્કૃતિ સંસ્થા વગેરેનો સહકાર સાંપડયો હતો.

# સાતમા દિવસે બાસણ ગામે અસરગ્રસ્તોના પ્રતિકાત્મક ઉપવાસ

## સાતેય ગામના અગ્રણીઓએ ઉપસ્થિત રહી બેનરો સાથે સુત્રોચ્ચાર કરી દેખાવો યોજયા

ગાંધીનગર, તા.૨૩
ગાંધીનગરની રચનામાં પોતાની મહામુલી જમીનો આપનાર સાત ગામના અસરગ્રસ્તો છેલ્લા સાત દિવસથી તેમને મળવા પાત્ર બાકી લાભો તથા પડતર પ્રશ્નોને અનુલક્ષીને જંગે ચઢયા છે અને વારાફરતી ઉપવાસ કરવાનું શસ્ત્ર ઉગામ્યું છે. જે અંતર્ગત આજે સાતમા દિવસે બાસણ ગામના અસરગ્રસ્તોએ ઉપવાસ કર્યા હતા. આ પ્રસંગે સાતેય ગામના અગ્રણીઓએ કોવિડ-૧૯ મહામારીને ધ્યાનમાં રાખીને મર્યાદિત સંખ્યામા ઉપસ્થિત રહી બેનરો સાથે સુત્રોચ્ચાર કરી દેખાવો યોજયા હતા.





છેલ્લા ૫૨ વર્ષથી પાટનગરના નિર્માણમાં અગરગ્રસ્તોના મળવાપાત્ર હક્કો અને લાભોથી વંચિત હોવાની રજૂઆતો કરવા છતાં હજુ સુધી તે પ્રાપ્ત કરી શકયા નથી જેને પગલે સાતેય ગામના અસરગ્રસ્તોએ ગાંધીનગર શહેર અસરગ્રસ્ત વસાહત મહામંડળના નેજા હેઠળ ઉપવાસ આંદોલન છેડયું હતું. આ ઉપવાસ આંદોલન માટે કોવિડ-૧૯ મહામારીના કારણે પ્રસ્તાવિત સ્થળે મંજૂરી ના મળતાં અસરગ્રસ્તોએ વારાફરતી સાતેય ગામમાં ઉપવાસ કરવાનું નિર્ધારિત કર્યુ હતું જે અંતર્ગત આજે સાતમા દિવસે બાસણ ગામમાં પ્રતિકાત્મક ઉપવાસ યોજાયા હતા. આ પ્રતિકાત્મક ઉપવાસમાં બાસણ ગામે કાળુજી શંકાજી ઠાકોર, સેંધાજી વાઘેલા, કાળુજી વાઘેલા નટુજી વાઘેલા, અર્જુનજી ઠાકોર, દિલીપજી ઠાકોર વગેરે જોડાયા હતા. આ પ્રસંગે મર્યાદિત સંખ્યામાં ઉપસ્થિત સાતેય ગામના અગ્રણીઓએ સુત્રોચ્ચાર સાથે દેખાવો યોજયા હતા. જેમાં ઈન્દ્રોડા, બોરીજ, આદીવાડા, ધોળાકુવા, ફતેપુરા, પાલજ અને બાસણના અસરગ્રસ્તોને તૈયાર આવાસ, રહેણાંક પ્લોટ, શહેર સમકક્ષ સુવિધા, સ્માર્ટ સિટીના લાભો વગેરે પડતર માંગો પુરી કરવા માંગ કરી હતી.

### બાપુ ગુજરાત નોલેજ વિલેજમાં એકસપર્ટ ટોકનું આયોજન



ગાંધીનગર, તા.૨૩
બાપુ ગુજરાત નોલેજ વિલેજ દ્વારા સંચાલિત શંકરસિંહ વાઘેલા બાપુ ઈન્સ્ટિટયુટ ઓફ સાયન્સ એન્ડ કોમર્સ દ્વારા એકસપર્ટ ટોકનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ટી.વાય. બી.એસ.સી. માઈક્રોબાયોલોજી વિષયમાં અભ્યાસ કરતા ૨૫ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. આ સમગ્ર કાર્યક્રમનું આયોજન સાયન્સ કોલેજના માઈક્રોબાયોલોજી ડિપાર્ટમેન્ટના પ્રો. પંકિત પટેલ તથા પ્રો. જૈનિકા વિહોલ દ્વારા કરવામાં આવ્યું હતું.

# વડોદરાના સાયકલ સવાર યુવાનો ગાંધીનગર પહોંચ્યા




ગાંધીનગર, તા.૨૩
વડોદરાના લીઓ કલબથી ચાર યુવકો વડોદરાથી સાયકલ દ્વારા પાટણ સુધીની મુસાફરી કરે છે. તેઓ સાયકલથી ૫૦૦ કિ.મી.થી વધુની મુસાફરી કરી રહ્યા છે. તેમનો હેતુ સાયકલિંગ અને હેલ્થના લાભ વિશે જાગૃતિ લાવવાનું છે. ૨૩ માર્ચ ૨૦૨૧ ના રોજ તેઓ ગાંધીનગર પહોંચ્યા અને ગાંધીનગરના લીઓ કલબના સભ્યોએ એમને શુભેચ્છા પાઠવી હતી. તેમનો હેતુ યુવાનોને શક્તિ આપવાનો છે, સ્વાસ્થ્ય વિશેષતા અને વ્યાયામ અને સાયકલિંગના લાભ વિશે જાગૃત કરવાનું છે. સાયકલિસ્ટ ધ્રુવ પટેલ, આર્યન દેસાઈ, સુમિત પરમાર અને ગોકુલ પટલેનું સ્વાગત લીઓ પ્રમુખ વિનય જયસિંઘાની, મંત્રી કાર્તિકસિંઘ યાદવ, કારણ માનીક, એમડીપી કથન ત્રિવેદી, એરે ચેરમન મોહિત જયસિંઘાની અને અન્ય સભ્યો દ્વારા કરવામાં આવ્યું હતું.

# સેકટર-૧૪ ખાતે શહીદ દિને શ્રદ્ધાંજલિ કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા.૨૩
ગાંધીનગરમાં સેક્ટર-૧૪ ગુપ્તા સ્પોર્ટ્સ ઈન્ડસ્ટ્રીઝ ખાતે શહીદ વીર ભગતસિંહ, રાજગુરુ અને સુખદેવને શ્રદ્ધાંજલિ આપવા માટેનો કાર્યક્રમ યોજવામાં આવ્યો. જેનું આયોજન ભારતીય જનતા પાર્ટી યુવા વર્ગના તુષાગ પારેખ, નીમેષ ચૌહાણ અને અન્ય મિત્રોએ કર્યું હતું જેમાં મહાત્મા ગાંધી સાહિત્ય સેવા સંસ્થાના અધ્યક્ષ ડૉ ગુલાબચંદ પટેલ સહિત અગ્રણીઓ મફતભાઈ દેસાઈ અને નિલેશ મેસરિયા, વિજય ત્રિવેદી, કાંતિભાઈ પટેલ, મહેન્દ્રભાઈ ચૌહાણ અને મનુભાઈ પારેખ વગેરએ શહીદોને પુષ્પાંજલિ અર્પણ કરી હતી.




આ કાર્યક્રમમાં નિમેષ ચૌહાણે રાષ્ટ્ર શહીદ ગીત રજૂ કર્યું હતું અને ડૉ ગુલાબચંદ પટેલે ભગત સિંહ, રાજગુરુ અને સુખદેવને શ્રદ્ધાંજલિ અર્પિત કરી હતી અને વીર ભગતસિંહ અને રાજગુરુ તથા સુખદેવની દેશભક્તિનું વર્ણન કર્યું હતું તથા વીર ભગતસિંહ માટે હિન્દીમાં કવિતા રજૂ કરી હતી. આ કાર્યક્રમમાં વસાહત મંડળના પ્રમુખ મહેન્દ્રભાઈ ચૌહાણ દ્વારા ચકલીઓ માટે પાણીના કુંડા અને હેપ્પી ચકલી ઘરનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં કાંતિભાઈ પટેલ એડવોકેટ દ્વારા ચકલી વિશે માહિતી આપતા જણાવ્યું હતું કે ચકલીને સાચવો તેને પાણી આપો અને ગરમીમાં ચકલી ઘર પાસે પાણી અને ચણ રાખવા જણાવ્યું હતું. તેઓએ મહેમાનો અને વસાહતી ભાઈ બહેનોનો આભાર માન્યો હતો.

### એસ.કે. પટેલ સ્કૂલમાં 'ઓડ ડે' ઉજવ્યો





ગાંધીનગર, તા.૨૩
સર્વ વિદ્યાલય કેળવણી મંડળ દ્વારા સંચાલિત એસ.કે. પટેલ કે.જી. ઈંગ્લિશ મીડિયમ સ્કૂલમાં 'ઓડ ડે' ની ઉજવણી કરાઈ હતી. જેમાં બાળકોએ ઓનલાઈન કલાસમાં અલગ અલગ રીતે 'ઓડ ડે' ઉજવ્યો હતો. જેમ કે છોકરાઓ છોકરીના વેશમાં, મમ્મીના વેશમાં, દાદાજીનો વેશ પહેરીને આવ્યા હતા. બંને પગમાં અલગ અલગ કલરના મોજા, એક પગમાં બૂટ તો બીજા પગમાં સેન્ડલ, ધોતી ઉપર ટીશર્ટ-બેલ્ટ તથા લિપસ્ટિક ને આંખ પર અને બિંદીને ગાલ પર લગાવીને આવ્યા હતા. આમ બાળકોએ આ 'ઓડ ડે'ને ખુબ જ આનંદ પૂર્વક મનાવ્યો હતો અને વાલીઓએ પણ ખૂબ જ સહકાર આપ્યો હતો.

### જન્મદિને વધામણી



પ્રકાશભાઈ કુમુદચંદ્ર ઠાકર
મો. ૯૪૨૭૦ ૨૮૧૮૮



નીના ગણેશન
આસી. પ્રોફેસર, અશ્વિનભાઈ પટેલ કોમર્સ કોલેજ



કશ્વી સંદિપકુમાર જોષી
મો. ૯૪૨૬૫ ૦૪૫૫૨

# અરિહંત સ્કૂલ ઓફ ફાર્મસી એન્ડ બાયો રિસર્ચ ઈન્સ્ટિટયુટ દ્વારા પ્રિ-પ્લેસમેન્ટ વર્કશોપ યોજાયો

ગાંધીનગર, તા.૨૩
અરિહંત સ્કૂલ ઓફ ફાર્મસી એન્ડ બાયો રિસર્ચ ઈન્સ્ટિટયૂટ દ્વારા ફાર્મસી કોલેજના અંતિમ સત્રમાં ભણતા વિદ્યાર્થીઓ માટે ૨૨મી માર્ચના રોજ સવારે ૧૦.૦ થી બપોરના ૧.૩૦ કલાક દરમિયાન પ્રી પ્લેસમેન્ટ વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ વર્કશોપનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓને કારકિર્દીના ઘડતર અંતર્ગત ઉપયોગમાં આવતી તમામ માહિતી જેવી કે સોફ્ટ સ્કીલ ડેવલપમેન્ટ, નોકરી માટે બાયોડેટા કેવી રીતે બનાવવો, ઈન્ટરવ્યુમાં પૂછાતા વિવિધ પ્રશ્નો, બી.ફાર્મ પછીથી કારકિર્દી અલગ અલગ વિકલ્પો, બી ફાર્મ પછીનું ઔધોગિક અને શૈક્ષણિક કારકિર્દી માટેની વિવિધ તકો ઉપયુક્ત કરવાનો હતો.

આ પ્રોગ્રામમાં કુલ મળીને ૩૫ થી વધારે વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. આ કાર્યક્રમમાં મુખ્ય અતિથિ તરીકે જોસેફ એમ્બ્રોસ (આસિસ્ટન્ટ જનરલ મેનેજર પર્સનલ એન્ડ એડમિનીસ્ટ્રેશન



એમક્યોર ફાર્માસ્યુટિકલ લિમિટેડ)ને આમંત્રિત કરવામાં આવ્યા હતા. જેમનું અભિવાદન કોલેજના ઉપાચાર્ય દિવ્યકાન્ત પટેલ દ્વારા મોમેનટો આપી ને કરવામાં આવ્યું હતું. માનનીય અતિથિશ્રીએ એમના વ્યક્તવ્યમાં કઈ કઈ પ્રતિભા ઈન્ટરવ્યુ આપતી વખતે વિદ્યાર્થીઓમાં હોવી જોઈએ અને ના હોય તો કેવી રીતે વિકસાવી શકાય છે તેની માહિતી આપી હતી. આ ઉપરાંત નોકરી માટેનો સીવી કેવી રીતે બનાવવો, ડ્રેસિંગ સ્ટાઈલ, બોડી લેંગ્વજ કેવા હોવા જોઈએ તેની જાણકારી આપી હતી. આ કાર્યક્રમને આગળ વધારતા પ્રોફેસર સુનિતા ચૌધરીએ વિદ્યાર્થીઓને બી.ફાર્મ પછીના વિવિધ કારકિર્દીના વિકલ્પો વિસ્તૃત રીતે ચર્ચ્યા હતા.

આ કાર્યક્રમનું ત્રીજું શેસન પ્રોફેસર આરતી મોહન દ્વારા રજૂ થયું હતું. "Pharmaceutical Production" માં વિવિધ તકો ઉપર તેમણે પોતાના મંતવ્યો રજૂ કર્યા હતા.

આ પ્રોગ્રામ નું ચોથું વકતવ્ય પ્રોફેસર વિનય દરજી તરફ થી આપવામાં આવ્યું હતું જેમાં તેમણે ફાર્મસીસ્ટ તથા કિલનિકલ ફાર્મસીસ્ટ ની ઔધોગિક ક્ષેત્ર માં ભૂમિકા ઉપર માહિતી આપી હતી.

આ પ્રોગ્રામ વિદ્યાર્થીઓએ ઉત્સાપૂર્વક ભાગ લીધો હતો અને વિષય અનુરૂપ પ્રશ્નોતરી કરી હતી. આ કાર્યક્રમ ના અંતે પ્રોફેસર વિનય દરજીએ કાર્યક્રમ સાથે સંકળાયેલ તમામનો આભાર વ્યક્ત કર્યો હતો.

# શ્રી પી.કે. ચૌધરી મહિલા આર્ટસ કોલેજનું ગૌરવ

ગાંધીનગર, તા.૨૩
શ્રી અખિલ આંજણા કેળવણી મંડળ સંચાલિત શ્રી પી.કે. ચૌધરી મહિલા આર્ટસ કોલેજમાં ગુજરાતી વિભાગની વિદ્યાર્થીની કુ. દેવાણી હિમાંશી પ્રવીણભાઈ વર્ષ ૨૦૨૦ની બી.એ.ની પરીક્ષામાં શ્રી જયભિખ્ખુ સ્મૃતિ મંડળ તરફથી સુવર્ણ ચંદ્રક, શ્રી ગોવર્ધનરામ માધવરાય ત્રિપાઠી મેડલ, સ્વ. કવિશ્રી શંકરલાલ મગનલાલ પંડયા (મણિકાન્ત) અને સ્વ. મણિબેન મેમોરિયલ મેડલ, શ્રી નિરંજન ઠકકર જલવારા મેમોરિયલ મેડલ મળી કુલ પાંચ સુવર્ણચંદ્રક પ્રાપ્ત કરી સમગ્ર યુનિવર્સિટીમાં સંસ્થાનું અભિમાન વધાર્યું છે. કુ. હિમાંશીને સંસ્થાનું ગૌરવ વધારવા બદલ સંસ્થા તરફથી અભિનંદન અને શુભેચ્છા પાઠવવામાં આવેલ છે.



# એસ.વી. સ્કૂલમાં ઓનલાઈન 'ટેલેન્ટ હંટ' પ્રવૃત્તિ યોજાઈ



ગાંધીનગર, તા.૨૩
સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, ગાંધીનગર સંચાલિત એસ.વી. ઈંગ્લિશ મીડિયમ પ્રિ-સ્કૂલમાં ઓનલાઈન 'ટેલેન્ટ હંટ' પ્રવૃત્તિ યોજાઈ ગઈ, જેમાં જુનિયર કે.જી. તથા સિનિયર કે.જી. ના બાળકોએ વિવિધ પ્રકારના ગીતો ઉપર અદભૂત ડાન્સની રજૂઆત કરી હતી. આત્મવિશ્વાસથી ભરપૂર એવા બાળકોના આ પરફોર્મન્સને નિહાળીને શાળા પરિવાર પણ દંગ રહી ગયો હતો, જે બદલ પ્રિન્સિપાલ અને શિક્ષિકાઓએ બાળકોની સરાહના કરી હતી. બાળકોમાં રહેલી આંતરિક શક્તિઓ જાગૃત થાય, તેમનામાં છૂપાયેલી ટેલેન્ટને બહાર આવવાનો મોકો મળે અને તેમનો આત્મવિશ્વાસ વધે તે હેતુથી આ પ્રવૃત્તિનું આયોજન કરવામાં આવ્યું હતું. આ અનોખો કાર્યક્રમ યોજી, પોતાના બાળકોને યોગ્ય મોકો આપવા બદલ વાલીઓએ પણ શાળા પરિવારનો આભાર માન્યો હતો.

## ચિરવિદાય

**● મુકિતધામ ●**

- સ્વ. રાઠોડ કાળુજી પ્રતાપજી
ઉ.વ. ૬૪, બોરીજ
- સ્વ. મકવાણા ચમનજી રાયભણજી
ઉ.વ. ૫૪, ઈન્દ્રોડા
- સ્વ. પ્રજાપતિ નટવરભાઈ બલાભાઈ
ઉ.વ. ૭૩, સેકટર-૫
- સ્વ. પરમાર ગંગાબેન મણીલાલ
ઉ.વ. ૭૯, મોટા ચિલોડા

**● રુદ્રભૂમિ અંતિમધામ ●**

- સ્વ. પટેલ રઈબેન મણીલાલ
ઉ.વ. ૮૦, રાયસણ
- સ્વ. રાજા સુંદરરાવ પુરંદરે
ઉ.વ. ૫૦, કુડાસણ
- સ્વ. પટેલ ચીમનભાઈ ગોપાળદાસ
ઉ.વ. ૭૨, મોતીપુરા, સાદરા